ટેબલેટ ચોરી તથા વાહન ચોરી તથા સાયકલ ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરી ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે આરોપીઓને પકડી પાડતી અડાજણ પોલીસ સુરત શહેર.

સુરત શહેરમાં  નોંધાયેલ અન ડીટિકટ ગુનાઓ શોધી કાઢવા તથા મોબાઇલ સ્નેર્ચીંગના ગુના આધારે અગાઉ મંદિર ચોરીના ગુન્હામાં પકડાયેલ આરોપી રોહીત S/O શશીભાઈ દેવીપુજક ઉ.વ.૨૨ રહે. બિલ્ડીંગ નં.B-૪, રૂમ નં.૨૧, S.M.C. આવાસ S.B.I. બેંકની ગલીમાં L.P. સવાણી રોડ અડાજણ, સુરત શહેર તથા [૨] મનોજ S/O સુખલાલ શિરે ઉ.વ.૨૦ ધંધો- બેકાર હાલ રહે. પ્લોટ નં.૭૨૫, શિવ ગંગાનગર ઝુપડપટ્ટી ગંગાનગર સોસાયટી વિ-૨, પાછળ ઉગત કેનાલરોડ, સુરત શહેરનાઓને પકડી તેઓની પાસેની એકટીવા મોપેડ નંબર પોકેટ કોપ મોબાઇલમાં સર્ચ કરી ચોરીમાં ગયેલ એક્ટીવા મોપેડ રજી નં. GJ-05-FS-0203 કિ.રૂ.૧૫૦૦૦/- તથા સદર એક્ટીવાની ડિકીમાંથી અલગ અલગ કંપનીના ટેબલેટ નંગ-૨ કિ.રૂ. ૧૬૦૦૦/- ના મુદ્દામાલ કબ્જે કરી સદર આરોપીઓને વિશ્વાસમાં લઇ યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતા ઉપરોક્ત ચોરી સિવાય અન્ય બે સાયકલની ચોરી કરેલ હોવાની કબુલાત કરતા ચોરીમાં ગયેલ સાયકલ નંગ-૨ કિ.રૂ.૩૦૦૦/- મળી કુલ્લે કિ.૩૪૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી અડાજણ પોલીસ સ્ટેશનના નીચે મુજબના ગુનાઓ ડીટેક્ટ કરેલ છે.

ડિટેક્ટ થયેલ ગુનાઓ:-(૧) અડાજણ પો.સ્ટે. A પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૦૦૦૩૨૧૧૧૩૦/૨૦૨૧ I.P.C. ૩૭૯(૨) અડાજણ પો.સ્ટે. A પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૦૦૦૩૨૧૧૧૩૧/૨૦૨૧ I.P.C. ૩૭૯.(૩) અડાજણ પો.સ્ટે. A પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૦૦૦૩૨૧૧૧૩૨/૨૦૨૧ I.P.C. ૩૮૦